# ગુજરાત સ્ટેટ પ્લાસ્ટીક મેન્યુફેક્ચરર્સ એસોસીએશન

GSPMA

૭૦૧-૬, ૭મો માળ, સ્પાન ટ્રેડ સેન્ટર, પાલડી ચાર રસ્તા પાસે, એલીસબ્રીજ, અમદાવાદ-૬.

ફોન : ૦૭૯ - ૨૬૫૭૯૨૦૪ / ૨૬૫૭૮૨૨૭ / ૩૫૫૨૧૦૩૦, મો. : ૯૨૭૪૦૦૦૯૧૧ ૯૨૭૪૦૦૦૮૧૧

Website : http://www.gspma.in • E-mail : info@gspma.in • Follow us : gspma.ahmedabad /


તા. ૧૩-૦૪-૨૦૨૬

પ્રતિ,

સર્વે સભ્યોને,

## વાર્ષિક સામાન્ય સભાની નોટિસ

આથી સર્વે સભ્યોને જણાવવાનું કે એસોસીએશનની ૫૪મી વાર્ષિક સામાન્ય સભા નીચે મુજબ બોલાવવામાં આવી છે.

**તારીખ : ૦૪-૦૫-૨૦૨૬ (સોમવાર)**

**સમય : સાંજના ૬-૦૦ કલાકે**

**સ્થળ : અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન, વસ્ત્રાપુર, અમદાવાદ.**

## કાર્યસૂચિ

(૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી મંજુર કરવી.

(૨) એસોસીએશનનો સને ૨૦૨૫-૨૬ની કાર્યપ્રવૃત્તિઓનો અહેવાલ મંજુર કરવા.

(૩) એસોસીએશનના સને ૨૦૨૪-૨૫ના ઓડીટેડ હિસાબો મંજુર કરવા.

(૪) એસોસીએશનના બંધારણમાં સુધારા કરવા (સૂચિત સુધારા આ સાથે સામેલ છે.)

(૫) એસોસીએશનના સને ૨૦૨૬-૨૭ના ચૂંટણીના પરિણામોની જાહેરાત કરવા.

(૬) નવા વર્ષ માટે ઓડિટરની નિમણુંક કરવા.

(૭) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય કામકાજ.

સર્વે સભ્યોને ઉપરોક્ત વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહેવા વિનંતી છે.

આભાર સહ,

**અનીશ પટેલ**
**(પ્રમુખ)**

નોંધ :

(૧) હિસાબો સંબંધી અથવા સભાની કાર્યસૂચિ બાબત કોઈ સુચનો હોય તો સભાના સાત દિવસ અગાઉ લેખિતમાં એસોસીએશનની ઓફિસે અચૂક મોકલી આપવા વિનંતી છે.

(૨) એસોસીએશનના સને ૨૦૨૪-૨૫ના ઓડીટેડ હિસાબો સભ્યોને તેમના નોંધાયેલા ઈ-મેલ આઈ.ડી. પર મોકલવામાં આવી રહ્યા છે. આમ છતા જે સભ્યને તેની નકલ જોઈતી હશે તો તેઓ એસોસીએશનની ઓફિસેથી રૂબરૂમાં મેળવી શકશે.

**તા.ક. : સભા બાદ ભોજનની વ્યવસ્થા રાખેલ છે.**

**કોર્પોરેટ સભ્ય પદ**

- પેટ્રન સભ્ય બનવાની લાયકાત ધરાવતી કંપની/પેઢી કે જેઓનું વાર્ષિક ટર્નઓવર ૧૦૦ કરોડથી વધુ હોય તેઓ કોર્પોરેટ સભ્ય બની શકશે.

- કોર્પોરેટ સભ્યપદ મેળવવા માટે નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે. સાથે નીચેના દસ્તાવેજોની સેલ્ફ-એટેસ્ટેડ નકલ મોકલવાની રહેશે. (૧) GST રજીસ્ટ્રેશન (૨) સર્ટિફિકેટ ઓફ ઈનકોર્પોરેશન (લિમિટેડ/પ્રા.લી. કંપનીના કિસ્સમાં) (૩) કંપની પ્રોફાઈલ (૪) PAN નંબર (૫) સભ્ય પદ મેળવવા તથા અધિકૃત પ્રતિનિધિઓની નિમણૂંક અંગે કંપનીના બોર્ડનો ઠરાવ (લિમિટેડ/પ્રા.લી. કંપનીના કિસ્સામાં) (૬) વીજ વપરાશના બિલની નકલ (૭) મશીનરી બિલની નકલ (૮) છેલ્લા નાણાંકીય વર્ષની બેલેન્સ શીટ વિ.

- કોર્પોરેટ સભ્યના બે પ્રતિનિધિઓ નોંધવામાં આવશે જેઓ કંપની વતી પ્રતિનિધિત્વ કરશે.

- એસોસીએશનની કારોબારી સમિતિમાં કોર્પોરેટ સભ્યો માટે બે બેઠકો અલગ રહેશે જેમની મુદત ૨ વર્ષની રહેશે. આની પસંદગી કારોબારી સમિતિ કરશે. આ રીતે પસંદગી કરવામાં આવેલ પ્રતિનિધિ કારોબારી સમિતિના હક્કો ભોગવી શકશે.

- એસોસીએશનની કારોબારી સમિતિ કોર્પોરેટ સભ્યપદની અરજી મંજૂર કરશે અને કોર્પોરેટ સભ્ય એસોસિએશનના સભ્ય તરીકેના તમામ હક્કો ભોગવશે.

- કોર્પોરેટ સભ્ય માટે ફીનું ધોરણ નીચે મુજબ રહેશે.

**દાખલ ફી : રૂા. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પૂરા) + GST**
**લવાજમ (TENURE - ૭ વર્ષ) રૂા. ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) + GST**

- કોર્પોરેટ સભ્ય શરૂઆતથી જ કારોબારી સમિતિમાં પસંદગી થઈ શકશે. અન્ય નિયમો તથા શરતો યથાવત રહેશે.

**અન્ય સંલગ્ન મુદ્દાઓ**

- એસોસીએશનની કામગીરી પેપરલેસ કરવામાં આવી રહી છે તેને અનુલક્ષીને સભ્યોને તેમના નોંધાયેલ ઈમેલ પર પરિપત્રો અને અન્ય માહિતી વખતોવખત મોકલવામાં આવશે. જરૂર જણાશે તો જ પ્રિન્ટ કોપી નોંધાયેલ સરનામે મોકલવામાં આવશે.

- હવેથી એસોસીએશનની ચુંટણીમાં ઉમેદવારી કરવા ઈચ્છુકે ચૂકવવા પાત્ર ઉમેદવારી ફી તથા ડિપોઝીટની ઓનલાઈન ચુકવણી (ઉમેદવારી કર્યાના ૨૪ કલાક પહેલા) એસોસીએશનના બેન્ક ખાતામાં પણ જમા કરી શકશે અને તેની જાણ એસોસીએશનની ઓફિસે કરવાની રહેશે.

- હવેથી એસોસીએશનની ચુંટણીમાં ઉમેદવારી નોંધાવવા ઈચ્છુક ઉમેદવારે ઉમેદવારી ફી રૂપિયા ૧૦૦૦/- (પરત થવા પાત્ર નથી) જ્યારે ડિપોઝીટ રૂપિયા ૨૦,૦૦૦/- ચૂકવવાપાત્ર રહેશે. ડિપોઝીટ શરતોને આધિન પરત થવા પાત્ર રહેશે.

- એસોસીએશનમાં પેટ્રન (આજીવન સભ્ય) થવા માટેની અવધી લંબાવીને તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી કરવામાં આવેલ છે.